# લોકસભામાં બીજા દિવસે પણ ધાંધલ ધમાલ

## ભાજપના કલંકિત પ્રધાનોના રાજીનામાની માંગ ઉપર કોંગ્રેસ સહિત વિરોધ પક્ષ મક્કમ : સૂત્રોચ્ચાર અને આક્ષેપબાજી

નવી દિલ્હી,તા. ૨૨

સંસદના મોનસુન સત્રના બીજા દિવસે આજે ભારે ધાંધલ ધમાલ થઈ હતી અને સંસદના બંને ગૃહોને દિવસભર માટે મોકૂફ કરી દેવામાં આવ્યા હતા. વિપક્ષના સભ્યો કલંકિત ભાજપ પ્રધાનોના રાજીનામાની માંગ યથાવત રાખી હતી જ્યારે એનડીએ સરકારે કોંગ્રેસ સહિત વિરોધ પક્ષની માંગણીને ફગાવી દીધી હતી. સરકારે વિપક્ષને ચર્ચાને મંજુરી આપવા અપીલ કરી હતી પરંતુ કોંગ્રેસના નેતૃત્વમાં વિપક્ષે ચર્ચા માટે કેન્દ્રની દરખાસ્ત સામે પહેલા પગલા લેવાની માંગ કરી હતી. વિપક્ષી સાંસદોને નાણામંત્રી અરુણ જેટલીની અપીલ અંગે પ્રતિક્રિયા આપતા કોંગ્રેસના વરિષ્ઠ નેતા આનંદ શર્મા અને ગુલાબ્મ નબી આઝાદે એક સુરમાં કહ્યું હતું કે, ચર્ચા કરતા પહેલા સરકાર પાસેથી પગલા લેવાની અમારી માંગ છે. જેટલીએ કહ્યું હતું કે, વિપક્ષના કોઈપણ સભ્યો એ મુદ્દો ઉઠાવવાની સ્થિતિમાં નથી કે સુષ્મા સ્વરાજ દ્વારા કોઈ કાયદાને તોડવામાં આવ્યો છે. કાયદાકીય જોગવાઈનો જ્યારે કોઈ ભંગ થયો નથી ત્યારે આવા પ્રશ્નો ઉઠી રહ્યા છે. વિપક્ષ પાસે કોઈ જવાબ નથી. વિરોધ પક્ષો પાસે વાસ્તવિક આંકડા પણ નથી. ભાજપ સંસદીય પાર્ટીની બેઠક સુષ્મા સ્વરાજ વાત કરી ચુક્યા છે. દેશ સમક્ષ અમે આ તમામ બાબતો રજૂ કરવા ઈચ્છુક છે. જ્યારે હવાલા મુદ્દામાં અડવાણી અને તેમના નામ આવ્યા હતા ત્યારે અમે કહ્યું હતું કે, જ્યાં સુધી અમારા નામને નિર્દોષ જાહેર કરાશે નહીં ત્યા સુધી સંસદમાં પ્રવેશ કરીશું નહી. અમે માત્ર રાજીનામા આપ્યા ન હતા બલ્કે સંસદમાં પ્રવેશ નહીં કરવાની વાત પણ કરી હતી. હવે આ દિશામાં આગળ વધવા માંગીએ છે. કોંગ્રેસના નેતા મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું હતું કે, અમે કોઈ ખોટુ કામ કરી રહ્યા નથી. દેશનું ધ્યાન દોરવા માટે આ બાબત જરૂરી છે. જેડીયુના સભ્યો દ્વારા પણ ભાજપના પ્રધાનોના રાજીનામાની માંગ કરાઈ હતી. લોકસભામાં અધ્યક્ષ સુમિત્રા મહાજને ગૃહના મંચ ઉપર કાળા ધ્વજ લહેરાવી રહેલા સાંસદોને ચેવતણી આપી હતી. ભારે ધાંધલ ધમાલનો દોર શરૂઆતથી જ રહ્યો હતો. આજે લોકસભા અને રાજ્યસભામાં હોબાળો રહ્યો હતો. કોંગ્રેસના નેતૃત્વમાં વિરોધ પક્ષોએ મોકુફી દરખાસ્ત રજૂ કરી હતી. જેમાં વિરોધ પક્ષો દ્વારા લલિતગેટ પ્રકરણ, વ્યાપમ કોંભાડ અને ભાજપના વરિષ્ઠ સભ્યો સામે વિવાદ મામલે ચર્ચાની માંગ કરવામાં આવી હતી. કોંગ્રેસના સભ્યો કાળી બેન્ડ પહેરીને આવ્યા હતા. સરકાર વિરોધી સુત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. માયાવતી દ્વારા વિદેશ પ્રધાન સુષ્મા સ્વરાજ સામે પગલાની માંગ કરવામાં આવી હતી. ગઈકાલે સંસદનું મોનસુન સત્ર શરૂ થયું હતું. રાજ્યસભા અને લોકસભામાં રાષ્ટ્રીય ધુન વગાડીની આની શરૂઆત કરવામાં આવી હતી. સંસદના મોનસુન સત્રની શરૂઆતના મિનિટો પહેલા જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના વરિષ્ઠ નેતા સુષ્મા સ્વરાજ કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીને મળ્યા હતા. મોદીએ ભાજપ નેતાઓ સાથે પણ વાતચીત કરી હતી. રાજ્યસભામાં પ્રથમ દિવસે ધાંધલ ધમાલ થઈ હતી. જેથી કાર્યવાહીને બપોર સુધી મોકુફ કરવામાં આવી હતી. આ સત્ર આ વખતે ખુબ તોફાની રહે તેવી શક્યતા છે. જીએસટી અને જમીન અધિગ્રહણ બિલ સહિત ચાવીરુપ મુદ્દા છવાયતેવી શક્યતા પણ દેખાઈ રહી છે.




**કેજરીવાલ સરકાર અને નજીબ જંગ સામસામે**

## સ્વાતિ માલિવાલની નિમણૂંક નજીબ જંગ દ્વારા રદ કરાઈ

નવીદિલ્હી,તા. ૨૨

આમ આદમી પાર્ટી સરકાર અને લેફ્ટી ગવર્નર નજીબ જંગ વચ્ચે રાજકીય ખેંચતાણ દિનપ્રતિદિન વધુ



તીવ્ર બની રહી છે. લેફ્ટી ગવર્નરના દાવાને લઈને પણ આક્ષેપબાજી શરૂ થઈ ચુકી છે. લેફ્ટી ગવર્નર દાવો કરી ચુક્યા છે કે, તેમની ઓફિસ દિલ્હીની વાસ્તવિક સરકાર છે. દિલ્હી કમિશન ઓફ વુમન (ડીસીડબ્લ્યુ) તરીકે સ્વાતિ માલિવાલની નિમણૂંક સામે વાંધો ઉઠાવતા જંગે કહ્યું છે કે, આ મામલો બિલકુલ અયોગ્ય છે. દિલ્હીમાં સરકારની બંધારણીય પરિભાષે લેફ્ટી ગવર્નર છે. તેમણે પત્ર લખીને કહ્યું છે કે, રાષ્ટ્રીય પાટનગર પ્રદેશના સંબંધમાં સરકારનો મતલબ લેફ્ટી ગવર્નર હોય છે. રાષ્ટ્રપતિ દ્વારા લેફ્ટી ગવર્નરની નિમણૂંક કરવામાં આવે છે. કલમ ૨૩૯ હેઠળ રાષ્ટ્રપતિ દ્વારા નિમણૂંક કરવામાં આવે છે. દિલ્હીમાં એએપી સરકારમાં આને લઈને નારાજગીનું મોજુ ફરી વળ્યું છે. આરટીઆઈ કાર્યકર અને એએપીના નેતા નલીન જયહિંદના પત્નિ માલીવાલની નિમણૂંક સોમવારના દિવસે ડીસીડબલ્યુના ચેરમેન તરીકે કરવામાં આવી હતી. એએપીએ આક્ષેપ કર્યો છે કે, નજીબ જંગ ભાજપના એજન્ટ તરીકે કામ કરી રહ્યા છે. અગાઉ એન્ટી કરપ્શન બ્રાંચના અધિકારીઓની નિમણૂંકને લઈને ભારે હોબાળો થઈ ચુક્યો છે. ચાવીરુપ અધિકારીઓની નિમણૂંક કરવા જંગને સત્તાઓને લઈને પણ ખેંચતાણ રહી ચુકી છે. દિલ્હીના લેફ્ટી ગવર્નર દ્વારા હવે સ્વાતિ માલિવાલની નિમણૂંકને રદ કરતા ખેંચતાણ વધી ગઈ છે. જંગનું કહેવું છે કે, માલિવાલની નિમણૂંક કરતા પહેલા તેમની જરૂરી મંજુરી લેવામાં આવી ન હતી. દિલ્હીના મુખ્યમંત્રીનો નિર્ણય વાજબી નહીં હોવાની વાત પણ નજીબ જંગે કરી છે. લેફ્ટી ગવર્નરનું કહેવું છે કે, તેઓ સરકારને પત્ર લખીને આ નિમણૂંકને અલ્ટ્રા વાયરસ તરીકે ગણાવી ચુક્યા છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને ચીફ સેક્રેટરીને પણ પત્ર લખીને આ અંગે જાણ કરવામાં આવી ચુકી છે. જોરદાર વિરોધ છતાં ૩૦ વર્ષીય માલિવાલની નિમણૂંક બરખાસિંહની જગ્યાએ ૨૦મી જુલાઈના દિવસે કરવામાં આવી હતી.

**સીઆરપીસીની કલમ ૧૪૪ અમલી**

## રાજૌરીમાં સતત બીજા દિવસે સંચારબંધી યથાવત રીતે જારી

જમ્મુ,તા. ૨૨

જમ્મુ કાશ્મીરના રાજૌરીમાં સંચારબંધી આજે સતત બીજા દિવસે યથાવત સ્થિતિમાં રાખવામાં આવી હતી. કોઈપણ પ્રકારની રાહત આપવામાં આવી ન હતી. સત્તાવાળાઓએ કહ્યું છે કે, રાજૌરીમાં કોઈપણ જગ્યાએથી કોઈ અનિચ્છનીય બનાવના સમાચાર મળ્યા નથી. જો કે, વિસ્ફોટક સ્થિતિ પ્રવર્તી રહી છે. રાજૌરીમાં સંચારબંધી યથાવતરીતે જારી રહેતા જનજીવન ખોરવાયેલું હતું. વરિષ્ઠ પોલીસ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, રાજૌરીમાં કોઈપણ રાહત વગર સંચારબંધી જારી રાખવામાં આવી છે. કોઈ અનિચ્છનીય બનાવ ન બનતા હવે સંચારબંધીને હળવી કરવાના પ્રયાસ થઈ રહ્યા છે. શાંતિ ભંગ થશે તેવી દહેશત વચ્ચે મંગળવારે બપોરે જમ્મુ પ્રદેશના રાજૌરીમાં અચોક્કસમુદ્દત માટેની સંચારબંધી લાગૂ કરવામાં આવી હતી. રાજૌરી જિલ્લાના મેજિસ્ટ્રેટ દિપ્તી ઉપ્પલ દ્વારા સીઆરપીસીની કલમ ૧૪૪ હેઠળ પ્રતિબંધાત્મક આદેશો જારી કરવામાં આવ્યા હતા. સેનાની મદદ પણ લેવામાં આવી હતી. નાગરિક વહીવટી તંત્રની મદદ કરવા માટે સેના બોલાવવામાં આવી હતી. સામાન્ય લોકોમાં વિશ્વાસ પુનઃ સ્થાપિત કરવાના હેતુસર ફ્લેગમાર્ચ યોજવામાં આવી હતી. ૧૮મી જુલાઈના દિવસે ઈદના દિવસે હિંસાની શરૂઆત થઈ હતી. તે વખતે કેટલાક કાર્યકરોએ આંતરરાષ્ટ્રીય આતંકવાદી સંગઠન ઈસ્લામિક સ્ટેટના ધ્વજ સળગાવી દેવામાં આવ્યા હતા. મુસ્લિમોએ કહ્યું હતું કે, બિનજરૂરીરીતે હિંસા ફેલાવવાના હેતુસર આ કૃત્યો આચરવામાં આવ્યા હતા. આજે સંચારબંધી જારી હોવા છતાં તમામ સંવેદનશીલ વિસ્તારમાં સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા હતા. પુરતી સંખ્યામાં સુરક્ષા જવાનો ગોઠવાયેલા રહ્યા હતા. જમ્મુ કાશ્મીરમાં તાજેતરના દિવસોમાં વારંવાર હિંસક પ્રદર્શનો અને દેખાવોના લીધે તંગદિલી ફેલાતી રહી છે. આ ઉપરાંત ગોળીબારના બનાવો પણ હાલના દિવસોમાં બન્યા છે. રાજૌરીમાં સતત બીજા દિવસે સંચારબંધી આજે જારી હતી.

**સેંસેક્સ ફરીવાર સુધરી ૨૮૫૦૪ની સપાટીએ**

## લેવાલી વચ્ચે સેંસેક્સમાં ૩૨૨ પોઈન્ટનો ઉછાળો

મુંબઈ,તા. ૨૨

શેરબજારમાં આજે જોરદાર તેજીનું મોજુ ફરી વળ્યું હતું. કારોબારના અંતે સેંસેક્સમાં ૩૨૨ પોઈન્ટનો ઉછાળો નોંધાયો હતો જેથી તેની સપાટી ૨૮૫૦૪ નોંથાઈ હતી જ્યારે નિફ્ટી ૧૦૪ પોઈન્ટ ઉછળીને ૮૬૩૩ની સપાટીએ રહ્યો હતો. બેંકિંગ અને ઓટો શેરમાં પણ તેજી જામી હતી. દિવસ દરમિયાન ઉથલપાથલનો દોર રહ્યા બાદ અંતે તેજી જામી હતી. આઈઆઈએફએલમાં રિસર્ચ વડા અમર અંબાણીએ માહિતી આપતા કહ્યું હતું કે, ભારતીય બજારમાં ઉત્સુકતાપૂર્વકનો માહોલ જોવા મળી રહ્યો છે. બ્રોડર માર્કેટમાં પણ આજે સારી સ્થિતિ રહી હતી. કારોબારના અંતે મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં એક એક ટકાનો ઉછાળો નોંધાયો હતો. બંનેમાં ક્રમશ ૧૧૨૩૪ અને ૧૧૬૭૬ની સપાટી જોવા મળી હતી. માર્કેટ બ્રીડ્થ પણ હકારાત્મક રહી હતી. ૧૭૬૩ શેરમાં તેજી અને ૧૦૫૯ શેરમાં મંદી રહી હતી. બજાર સાથે જોડાયેલા લોકો સંસદના મોનસુન સત્ર ઉપર ચાંપતી નજર રાખી રહ્યા છે. મંગળવારના દિવસે તોફાની શરૂઆત થઈ હતી. સરકાર આ સત્ર દરમિયાન જમીન અધિગ્રહણ બિલ અને જીએસટી સહિત ચાવીરુપ બિલ પસાર કરવા માટે ઉત્સુક છે. સંબંધિત ઘટનાક્રમમાં રાજ્યસભાની પસંદગી સમિતિ દ્વારા ઉપલા ગૃહમાં તેનો અહેવાલ સુપરત કરનાર છે. એશિયન બજારોમાં આજે અફડાતફડી રહી હતી. જાપાનના નિક્કીમાં ૧.૩ ટકાનો ઘટાડો રહેતા તેની સપાટી ૨૦૫૭૯ જોવા મળી હતી જ્યારે દક્ષિણ કોરિયાના કોસ્પીમાં ૧.૧ ટકાનો ઘટાડો રહેતા તેની સપાટી ૨૦૬૦ નોંધાઈ હતી. હોંગકોંગના હેંગસેંગમાં ૦.૯ ટકાનો ઉછાળો રહેતા તેની સપાટી ૨૫૩૦૩ નોંધાઈ હતી. તમામ સેક્ટરલ ઈન્ડેક્સ આજે તેજીમાં રહ્યા હતા. એકમાત્ર આઈટીમાં મંદી નોંધાઈ હતી. ઓઈલ એન્ડ ગેસ ઈન્ડેક્સમાં બે ટકાથી વધુનો ઉછાળો નોંધાયો હતો જે સેક્ટરલ ઈન્ડેક્સની દ્રષ્ટિએ સૌથી વધારે હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે ગઈકાલે પણ શેરબજારમાં મંદીનું મોજુ ફરી વળ્યું હતું. કારોબારના અંતે સેંસેક્સ ૨૩૮ પોઈન્ટ ઘટીને ૨૮૧૮૨ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૭૪ પોઈન્ટ ઘટીને ૮૫૨૯ની સપાટીએ રહ્યો હતો. નિફ્ટી ૮૬૦૦ની સપાટી ગુમાવી દીધી હતી. મંગળવારના દિવસે કારોબાર દરમિયાન ૧૮૮૩ શેરમાં મંદી અને ૯૪૭ શેરમાં તેજી રહી હતી. દરમિયાન ફોરેન પોર્ટફોલિયો રોકાણકારો દ્વારા ૭૧૪ કરોડના શેરની ખરીદી કરવામાં આવી છે.

**કોઇ કાગળ પર હવે કાર્યવાહી નહી કરવી પડે**

## ટ્રેન રદ થશે તો એકાઉન્ટમાં પૈસા જમા થઈ જશે : રિપોર્ટ

નવી દિલ્હી,તા. ૨૨

રેલવે યાત્રીઓને ભારતીય રેલવે દ્વારા હવે વધારે રાહત આપી દેવામાં આવી છે. હવે ટ્રેન કોઈ કરાણસર રદ થશે તો યાત્રીના ખાતામાં પૈસા પોતાની રીતે જમા થઈ જશે. હવે યાત્રીને ટિકિટના પૈસા પરત લેવા માટે કોઈ કાગળ પરની કાર્યવાહી કરવી પડશે નહી. કારણ કે પૈસા પોતાની રીતે અકાઉન્ટમાં જમા કરવામાં આવશે. આ નવા નિયમોને રેલવે દ્વારા લાગુ કરી દેવામાં આવ્યા છે.અત્રે નોંધનીય છે કે થોડાક દિવસ પહેલા રેલવેએ આ સંબંધમાં આદેશ લાગુ કરી દીધા હતા. પરંતુ હવે આને લાગુ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. રેલવેના અધિકારીએ કહ્યું છે કે કેટલાક મામલે એવુ બને છે કે યાત્રીઓની પાસે ટિકિટ કન્ફર્મ અને આરએસીમાં હોય છે. પરંતુ કોઈ અકસ્માત અને હવામાનના કારણે ટ્રેનને રદ કરવામાં આવે છે. આવી સ્થિતીમાં યાત્રીઓને પહેલા ટિકિટની રકમ પરત લેવા માટે ટીડીઆર ભરવાની ફરજ પડતી હતી. પરંતુ આ વ્યવસ્થાને હવે ખતમ કરી દેવામાં આવી છે. રેલવેના જણાવ્યા મુજબ ટિકિટની રકમ પોતાની રીતે એકાઉન્ટમાં જમા કરી દેવામાં આવશે. જે રીતે ટિકિટ કન્ફર્મ નહી થવાની સ્થિતીમાં ઈ-ટિકિટની રકમ જતી રહે છે તેવી રીતે હવે આ મામલે પણ થશે. જો ટિકિટ રિઝર્વેશન સેન્ટર પરથી ખરીદવામાં આવી છે તો તેવા મામલામાં ટિકિટની રકમ ત્યાંથી જ પરત આપવામાં આવનાર છે. રેલવે દ્વારા તાજેતરના દિવસોમાં એકપછી એક નવી સુવિધા વધારી દેવામાં આવી છે. યાત્રીઓને વધુને વધુ સુવિધા મળે તે હેતુથી રેલવે પ્રધાન સુરેશ પ્રભુ હાલમાં આગળ વધી રહ્યા છે. પહેલા ટિકિટની રકમ પરત મેળવી લેવા માટે ભારે પ્રક્રિયા હાથ ધરવી પડતી હતી.

**નોકરી કરતી મહિલાઓને રાહત આપવાની દિશામાં પગલું**

## મૈટરનીટી લીવ પિરિયડ વધારી છ મહિના કરવા માટેની તૈયારી

નવી દિલ્હી,તા. ૨૨

નરેન્દ્ર મોદી સરકાર કામકાજી મહિલાઓ માટે મૈટરનિટી લીવના ગાળાને વધારીને ત્રણ મહિનાના બદલે છ મહિના કરવાની દિશામાં આગળ વધી રહી છે. સાથે સાથે બોનસ મેળવવા માટેની સેલરીની મર્યાદાને વધારીને ડબલ કરવાની પણ તૈયારી છે. ગ્રેજ્યુટીને પમ જોબની સાથે જ ટ્રાન્સફર કરવાની બાબત શક્ય બની જશે. એમ્પ્લોઈમેન્ટ લોમાં આ ફેરફાર દ્વારા મોદી સરકાર વર્કિંગ ક્લાસને વધારે રાહત આપવાની સાથે સાથે તેમના મન જીતી લેવાના પ્રયાસમાં પણ છે. સાથે સાથે સરકારનો ઈરાદો લેબર નિયમોમાં વધુ મહત્વકાંઠી સુધારા કરવાનો પણ છે. જેને હાલમાં રોકાણને રોકવા અને રોજગારના ક્ષેત્રમાં અડચણ તરીકે જોવામાં આવે છે. શ્રમ મંત્રાલયના એક અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે પેમેન્ટ ઓફ બોનસ એક્ટમાં ફેરફાર કરીને બોનસ મેળવી લેવાની સેલરીની મર્યાદા ૧૦૦૦૦ રૂપિયા પ્રતિ મહિનાથી વધારીને ૧૯૦૦૦ રૂપિયા પ્રતિ મહિના કરવાની પણ



હિલચાલ ચાલી રહી છે. આ મામલે પ્રધાનોની ટિપ્પણી માટે કેબિનેટ નોંધ માટે મુસદ્દો તૈયાર કરી લેવામાં આવ્યો છે. જેના કહેવા મુજબ આનાથી અલગ સરકાર મૈટરનિટી બેનિફિટ્સ એક્ટ ૧૯૬૧ અને પેમેન્ટ ઓફ ગ્રેજ્એટી એક્ટ ૧૯૭૨માં સુધારા કરવા માટે પણ તૈયાર છે. હાલમાં કાયદા મુજબ કંપનીઓ માટે કામ કરતા કર્મચારીઓને ૧૨ સપ્તાહ માટે મૈટરનિટી લિવ આપવામાં આવે છે. જો કે કેટલીક મોટી કંપનીઓ વધારે સમય આપે છે. અન્ય લાભ પણ આપે છે. દાખલ તરીકે એક્સેન્ચર પાંચ મહિનાની રજા આપે છે. કેટલીક બહુરાષ્ટ્રીય કંપનીઓમાં નિયમો જુદા જુદા રહેલા છે. જો કે અન્ય કેટલાક વિકલ્પ પર પણ વિચારણા ચાલી રહી છે. સરકાર મૈટરનિટી લિવમાં વધારાનો ફાયદો માત્ર બે બાળકો સુદી જ મર્યાદિત કરવાની યોજના ધરાવે છે. ફ્લિપકાર્ટ જેવી કંપનીઓમાં ૨૪ સપ્તાહની પેડ લીવ મંજુર કરવામાં આવી છે. કેટલીક મલ્ટીનેશનલ કંપનીઓ અને ઈન્વેસ્ટમેન્ટ બેંક પણ આ પ્રકારની સુવિધા આપે છે. મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા છેલ્લા ઘણા સમયથી આ વિષય ઉપર ચર્ચા ચાલી રહી હતી. મહિલાઓની સુરક્ષાની જવાબદારીને ધ્યાનમાં લઈને આ નિર્ણય લેવામાં આવ્યો છે. હવે મેટરનીટી લીવને વધારીને ૨૪ સપ્તાહ કરવા માટે ટ્રેડ યુનિયનો કર્મચારીઓ સાથે વાતચીત કરવામાં આવી રહી છે. આ વિકલ્પ ઉપર પણ વિચારણા ચાલી રહી છે કે, તેનો દુરુપયોગ થઈ શકે નહીં. ત્રીજા બાળકને જન્મ આપનાર કર્મચારીને વર્તમાન નિયમો હેઠળ ૧૨ સપ્તાહની રજા આપવામાં આવશે. આવી જ રીતે ગ્રેજ્યુટી એક્ટમાં સુધારા માટે આ પ્રકારની વાતચીત ચાલી રહી છે. લાભ ઉઠાવવા માટે એક જ સંસ્થામાં ઓછામાં ઓછા પાંચ વર્ષ કામ કરવાની જોગવાઈ હોય છે. કર્મચારીઓ ગ્રેજ્યુએટી મેળવવા માટેની શરતને સરળ કરવાની વાત ચાલી રહી છે. આ પ્રતિનિધિ ઈચ્છે છે કે, પાંચ વર્ષ સુધી સતત એક સંસ્થામાં નોકરી કરનારનો નિયમ ખતમ કરવામાં આવે.

## ઇક્વિટી ફોરવર્ડ કોન્ટ્રાક્ટ પર નિયમો ઉઠાવી લેવાશે

નવીદિલ્હી,તા. ૨૨

સરકાર ભારતમાં મર્જર એન્ડ ઈક્વેજિશન (એમએન્ડએ)ને પ્રોત્સાહના આપવાના હેતુસર હવે આગળ વધી રહી છે. જેના ભાગરુપે ઈક્વિટી ફોરવર્ડ કોન્ટ્રાક્ટ ઉપરના નિયમોને ટૂંક સમયમાં ઉઠાવી લેવામાં આવનાર છે. સરકાર ફોરવર્ડ કોન્ટ્રાક્ટ ઉપર નિયમોને ઉઠાવી લેશે. સરકાર ફોરવર્ડ કોન્ટ્રાક્ટના ડીરેગ્યુલેશનની દિશામાં આગળ વધી રહી છે. કંપનીઓ ફોરવર્ડ કોન્ટ્રાક્ટમાં પ્રવેશ કરવા મોટાભાગે વિચારણા કરે છે. આવી સ્થિતિમાં એક કંપની બીજી કંપનીના શેરની ખરીદી કરે છે અને અગાઉ નક્કી કરવામાં આવેલી કિંમતમાં આજ કંપનીને પરત વેચી મારે છે. ઈક્વિટી ફોરવર્ડ કોન્ટ્રાક્ટ ઉપર નિયમોને ઉઠાવી લેવાની હિલચાલના સારા પરિણામ મળી શકે છે. જાણકાર લોકોનું કહેવું છે કે, આવનાર દિવસોમાં આ દિશામાં નક્કર પગલા જાહેર કરવામાં આવનાર છે. સરકાર કંપનીઓ માટે ફોરવર્ડ કોન્ટ્રાક્ટના નિયમો હળવા કરીને તેમને રાહત આપશે. એક વિકલ્પ સંપૂર્ણપણે ડીરેગ્યુલેશન માટેનો પણ છે. સંબંધિત વિભાગો દ્વારા વારંવાર આ અંગે રજૂઆત કરવામાં આવી ચુકી છે.

### લાગણીનો મેળો (પાના નં. ૪ નું ચાલુ)

એ જ રીતે સાવ ધૂંધળા રંગ પણ બરાબર નથી. માનવ મનની ધૂંધળાશ એમાં ડોકાતી હોય છે. જે બીજાને આપણાથી દૂર લઈ જવાનું કામ કરે છે. આમ છતાં અમૂક રંગો ગમતા હોય તો બીજા વિચારો છોડી પહેરવામાં કોઈ વાંધો નથી. પરંતુ વસ્ત્રોની આડમાં વ્યક્તિત્વ ઢંકાઈ ન જાય તેનો ખ્યાલ રાખવો. કપડાંની ચમકદમકમાં માણસ ખુદ ખોવાઈ જાય એવી પસંદગી કરાવી અયોગ્ય છે. કદાચ અનુભવ્યું હોય તો યોગ્ય કપડાં ન હોય તો પોતાને જ અંદરથી અણગમો રહે છે. બીજું કે વાતાવરણને અનુરૂપ કપડાં ન હોવાનું લગતા પોતે ખોટી જગ્યાએ પડ્યા હોય એવી ગ્લાનિ અનુભવે છે. આવી વ્યક્તિઓ બીજાઓ ને મળે હળે ભળે પણ મન તો પોતાને જ સાંભળવાના ઉધામા કરવામાં પડ્યું હોય છે. આ તો થયા થીંગડા મારનારા વ્યવહારુ માણસો માટેના નિયમો...

વસ્ત્રો માણસને શોભાવે છે, મર્યાદા રક્ષાય છે અને હૂંફ મળે છે. વસ્ત્ર સુઘડ સ્વચ્છ હોવા જોઈએ. સ્વચ્છતા સાધ્યા વગર દિવ્યતા પામી ન શકાય. અંગ પ્રદર્શન કરનારાં આછકલાં વસ્ત્રો વિકૃત માનસનાં પરિચયાક છે. આવા વસ્ત્ર પરિધાનથી નારીનું ગૌરવ હણાય છે. માણસ સામાજિક પરની છે. તેથી સમાજની સભ્યતાને પોષક અને મર્યાદા જાળવે તેવા વસ્ત્રો પહેરવા જોઈએ.

પાંચમો 'વ'કાર છે વૈભવ. વસુ વિના નર પશુ, નાણાં વગરનો નાથિયો નાણે નાથાલાલ! આપણી આવી લોકોક્તિઓ ધનનો મહિમા સુપેરે સમજાવે છે.વિત્તથી ગૌરવ વધે ખરું પણ પૈસા પાછળ પાગલ બની વિત્તના ગુલામ ન બનાય. વિત્તએ સારો સેવક છે પરંતુ કનિષ્ઠ સ્વામી છે. એ કડી ન ભૂલશો.!!!

**સ્પર્શમણિ -**

માણસની યોગ્યતા વધારવામાં વસ્ત્રનું પણ અનોખું સ્થાન છે. પીતાંબરધારી ભગવાન વિષ્ણુને જોઈને સમુદ્રે પોતાની કન્યા લક્ષ્મી તેમને અર્પણ કરી, જયારે ભગવાન શિવને દિગંબર જોઈને સમુદ્રે તેમને વિષ પ્રદાન કર્યું. આ જોયા પછી કોણ કહી શકે કે વસ્ત્રથી માણસનું ગૌરવ નથી વધી શકતું!!

(સંસ્કૃત સુભાષિત)

વિચારણીય તથ્ય...

લડ્ડુ: ભારતીય સંસ્કૃતિ

જો દાને કો દાને સે જોડકર ઉત્સવ મનાને કા સંદેશ દેતી હૈ!

કેક: પશ્ચિમી સંસ્કૃતિ

જો કાટકર, બાંટકર ખુશી મનાને કો દર્શાતા હૈ!

**અર્ધલશ્કરી દળો માટે યોગા ફરજિયાત કરાશે**

## માત્ર ૭ વર્ષમાં સીઆરપીએફના ૨૨૮ જવાનની આત્મહત્યા

નવી દિલ્હી,તા. ૨૨

રાજયસભામાં માહિતી આપતા ગૃહરાજયમંત્રી કિરેન રિજ્જુએ આજે કહ્યું હતું કે, છેલ્લા સાત વર્ષના ગાળામાં કુલ ૨૨૮ સીઆરપીએફના જવાનો આત્મહત્યા કરી ચુક્યા છે. દરમિયાન સરકારે કહ્યું છે કે, આ વર્ષની શરૂઆતથી તમામ અર્ધલશ્કરી દળોમાં યોગાને ફરજિયાત બનાવવામાં આવશે. તેમણે માહિતી આપતા કહ્યું હતું કે, ઉપલબ્ધ આંકડા મુજબ કુલ ૨૨૮ સીઆરપીએફ જવાનો આત્મહત્યા કરી ચુક્યા છે. મોટાભાગના કેસોમાં જે કારણો સપાટી ઉપર આવ્યા છે તે પર્સનલ અને ઘરની સમસ્યા છે જેમાં અંગત દુશ્મનાવટ, માંદગી, ડિપ્રેશન જેવી બાબતોનો સમાવેશ થાય છે. તેમણે ઉમેર્યું હતું કે, થોડાક કેસોમાં કામ સંબંધિત બનાવથી પણ લોકોના મોત થઈ ચુક્યા છે. તેમણે કહ્યું હતું કે, સીઆરપીએફ દેશના સૌથી મોટા કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ ફોર્સ તરીકે છે. આમા આત્મહત્યાની સંખ્યા પણ વધારે છે. ૨૦૦૮ અને ૨૦૧૪ વચ્ચેના ગાળામાં મોટી સંખ્યામાં સીઆરપીએફના જવાનો આત્મહત્યા કરી ચુક્યા છે. સીઆરપીએફના જવાનોની સંખ્યા ત્રણ લાખની આસપાસ છે. રિજજુએ ઉમેર્યું હતું કે, સીઆરપીએફ, બીએસએફ, સીઆઈએસએફ, આઈપીબીપી, એસએસબી, એનએસજી સહિત આ દળોમાં યોગાને ફરજિયાત બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

ફિલ્ડમાં શારીરિક કસરતના ભાગરુપે આને સામેલ કરવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે, અર્ધલશ્કરી દળના જવાનોની દરરોજ પ્રવૃત્તિને યોગાને સામેલ કરવામાં આવે તે જરૂરી છે. કારણ કે આનાથી તેમના માનસિક દબાણને દૂર કરવામાં અર્ધલશ્કરી દળના જવાનોને મદદ મળશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, સરકાર આ દિશામાં ગંભીરતાપૂર્વક આગળ વધવા માંગે છે. સરકારનું કહેવું છે કે, અર્ધલશ્કરી દળના જવાનો માટે યોગાને ફરજિયાત બનાવવાની ચર્ચા છેલ્લા ઘણા સમયથી ચાલી રહી છે. યોગને આંતરરાષ્ટ્રીય મંચ ઉપર સમર્થન મળી ચુક્યું છે. વિશ્વ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી પણ થવા લાગી છે.

## ભટકલને જેલથી છોડાવી લેવાશે તેવા નવા અહેવાલ

પટણા,તા. ૨૨

હાલમાં જેલની હવા ખાઈ રહેલા ઈન્ડિયન મુઝાહિદીનના કુખ્યાત આતંકવાદી યાસીન ભટકલને અન્ય ત્રાસવાદી છોડાવી લેવાના પ્રયાસ કરી શકે છે તેવા અહેવાલ બાદ બિહારમાં જેલમાં હાઈએલર્ટની જાહેરાત કરવામાં આવી છે. ઈન્ટેલીજન્સ અહેવાલ બાદ સુરક્ષા વધારી દેવામાં આવી છે. ઈન્ટેલીજન્સ સંસ્થાના અધિકારીઓએ માહિતી આપતા કહ્યું છે કે, ભટકલ બિહાર જેલમાં કેટલાક લોકો સાથે પણ સંપર્કમાં હોઈ શકે છે. બિહારની જુદી જુદી જેલમાં રહેલા શખ્સો સાથે આ લોકો સંપર્કમાં છે. ઈન્ટેલીજન્સ અહેવાલ અગાઉ હૈદરાબાદની જેલમાંથી ભટકલ દ્વારા તેની પત્નિને કરવામાં આવેલા ફોનને પકડી પાડવામાં આવ્યો હતો. ફોન કોલ દરમિયાન ૩૨ વર્ષીય આ શખ્સે કતહ્યું હતું કે, ઈસ્લામિક સ્ટેટના કેટલાક શખ્સો તરફથી તેને મદદ મળી રહી છે. સિરિયા અને ઈરાકના ઘણા ભાગોમાં વર્ચસ્વ ધરાવનાર સાથીઓ તરફથી તેને મદદ કરવાની ખાતરી મળી ચુકી છે અને તે થોડાક સમયમાં જ જેલમાંથી મુક્ત થઈ જશે. નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી દ્વારા તેની ધરપકડ કરવામાં આવી હતી.